## સ્કીમ ટુ સ્ટ્રેન્થન સ્ટેટ્સ એફોર્ટસ થ્રુ વર્ક પ્લાન અન્ડર મેક્રોમેનેજમેન્ટ

ખેડૂતોને નીચેની વિગતે સહાયથી ૭૫/૯૦ મિ.મી. ઓપન પાઈપ લાઈનનું વેચાણ કરવામાં આવે છે.

- ૭૫/૯૦ મિ.મી. વ્યાસની ૬ મીટર લંબાઈની પાઈપો કપ્લર સાથે ૧૭ નંગ (૧૦૨ મીટર)
- ૭૫/૯૦ મિ.મી. વ્યાસના થ્રેડેડ કપ્લર નંગ-૧
- ૭૫/૯૦ મિ.મી. વ્યાસના બેન્ડ નંગ-૨ (મરજીયાત)
- ૭૫/૯૦ મિ.મી. વ્યાસના છેડાનો પ્લગ નંગ-૧ (મરજીયાત)

<u>ખુલ્લી પાઈપ લાઈન માટેના સહાયના ધોરણો</u> :-

| | |
|---|---|
| નાના / સિમાંત ખેડૂતો, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના નાના સીમાંત ખેડૂતો<br>અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના અન્ય ખેડૂતો | હેક્ટર દીઠ ખર્ચના ૫૦% અથવા રૂા. ૪૫૦૦/- બેમાંથી જે ઓછું હોય તે |
| અન્ય ખેડૂતો તેમજ કૃષિ વિષયક બાબતે સાથે સંકળાયેલા સરકારમાન્ય શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ | હેક્ટર દીઠ ખર્ચના ૪૦% અથવા રૂા. ૩૬૦૦/- બેમાંથી જે ઓછું હોય તે |

આ માટે જે તે ખેડૂતે ગ્રામસેવક અથવા તલાટીનો સંપર્ક કરી જરૂરી દાખલો લઈ, નાયબ ખેતી નિયામકશ્રી (યાંત્રિક) દ્વારા સહાયની રકમ મંજૂર કર્યાનો હુકમ કરવામાં આવે છે. અને જેની સામે ખેડૂતને નિગમ તરફથી ઓપન પાઈપ લાઈનની સહાયિત દરે ડીલીવરી આપવામાં આવે છે.

<u>ટ્રેકટર ખરીદી માટે સહાય</u> :-

આ યોજના હેઠળ ૩૫ પી.ટી.ઓ. હોર્સ પાવર સુધીના ટ્રેકટર માટે ટ્રેકટરની કીંમતના ૨૫% લેખે રૂા. ૩૦૦૦૦/- પ્રતિ નંગ/પ્રતિ લાભાર્થીની મર્યાદામાં સહાય ખેડૂતને આપવામાં આવે છે.

ભારત સરકારશ્રીએ નિયત કરેલ કંપનીના નિયત મોડેલના ટ્રેકટર ૩૫ હો.પા. સુધીના મોડેલ સહાયને પાત્ર રહેશે. જે આ સાથે પત્રકમાં સામેલ છે.

આ યોજનાનું અમલીકરણ નાયબ ખેતી નિયામકશ્રી (વિ.) અને નાયબ ખેતી નિયામકશ્રી (યાંત્રિક) દ્વારા સંકલનથી કરવાનું હોય છે. યોજનાના અમલીકરણ અંગે બીડાણમાં જણાવેલ અમલીકરણ પદ્ધતિ મુજબ કામગીરી કરવાની હોય છે. નમૂના મુજબ લાભાર્થી ખેડૂતની અરજી અને નમૂના મુજબના પ્રમાણપત્રો અરજી સાથે મેળવવાના હોય છે.